# આત્મધર્મ

માસિક : વર્ષ-૩ * અંક-૫ * જાન્યુઆરી, ૨૦૦૯



**સિદ્ધાંત તો એમ કહે છે કે છએ દ્રવ્યની પર્યાયનો જન્મક્ષણ હોય છે, જે સમયે પર્યાય થવાનો કાળ છે તે જ સમયે પર્યાય થાય છે. એ પર્યાય પરદ્રવ્યથી ન થાય, નિમિત્તથી ન થાય, પોતાના દ્રવ્યથી પણ ન થાય પણ પર્યાયની યોગ્યતારૂપ જન્મક્ષણે સ્વકાળથી પર્યાય થાય છે એમ ભગવાનનો પોકાર છે ને અનંત દ્રવ્યોનો આવો જ સ્વભાવ છે.**

**—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી**

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ હે આત્મન્! તમે મોહનિદ્રા છોડીને સાવધાન થાવ અને જુઓ. તમે ધન-સંપત્તિરૂપ માયામાં કેમ ભૂલી રહ્યાં છો? તમે ક્યાંથી આવ્યા છો અને ક્યાં ચાલ્યા જશો અને દોલત જ્યાંની ત્યાં પડી રહેશે. લક્ષ્મી તમારી નાત-જાતની નથી, વંશ પરંપરાની નથી, બીજું તો શું? તમારા એક પ્રદેશનું પણ પ્રતિરૂપ નથી. જો એને તમે નોકરડી બનાવીને ન રાખી તો એ તમને લાત મારશે, માટે મહાન થઈને તમારે આવો અન્યાય કરવો યોગ્ય નથી. ૧૦૭૧. *(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્યસાધક દ્વાર, ૫૬-૭)*

❀ અપને આત્માકા હિત તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર તથા તપકી રક્ષાસે હૈ, ઈસ બાતકો સર્વજ્ઞોં ને કહા હૈ. ૧૦૭૨. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુ૦, શ્લોક-૧૫૮)*

❀ જે મનુષ્ય વૃક્ષ સમાન હિંસાકર્મ રહિત છે, એકલો છે, અર્થાત્ કોઈ સહાયકની અપેક્ષા રાખતો નથી, સમસ્ત ઉપદ્રવો સહન કરે છે તથા વનમાં સ્થિત પણ છે છતાં પણ તે સમ્યગ્જ્ઞાન વિના કદી પણ સિદ્ધ થઈ શકતો નથી. ૧૦૭૩.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૧૬)*

❀ જ્ઞાનને રોકનાર, શાન્તિનો નાશ કરનાર, શ્રદ્ધાનો ભંગ કરનાર અને અભિમાનને વધારનાર 'કુતર્ક' માનસિક રોગ છે કે જે અનેક રીતે ધ્યાનનો શત્રુ છે. તેથી મોક્ષાભિલાષીઓએ પોતાના મનને કુતર્કમાં લગાવવું યોગ્ય નથી, પરંતુ આત્મતત્ત્વમાં લગાવવું યોગ્ય છે કે જે આત્મ-ઉપલબ્ધિરૂપ સિદ્ધિ-સદનમાં પ્રવેશ કરાવનાર છે. ૧૦૭૪. (શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિ.-૭, ગાથા-૫૩)

❀ સાધુ આગમચક્ષુ (—આગમરૂપ ચક્ષુવાળા) છે, સર્વ ભૂતો (-પ્રાણીઓ) ઈન્દ્રિય-ચક્ષુ છે, દેવો અવધિચક્ષુ છે અને સિદ્ધો સર્વતઃચક્ષુ (સર્વ આત્મપ્રદેશે ચક્ષુવાળા) છે. ૧૦૭૫.

*(શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા-૨૩૪)*

❀ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થતાં, ધૂળથી મલિન (સ્નાન કર્યા વગરના), વસ્ત્ર રહિત, પદ્માસનમાં સ્થિત, શાંત, વચન રહિત અને આંખો બંધ હોય એવી અવસ્થાને પામેલા મને જો જંગલનાં પ્રદેશમાં ભ્રમ પ્રાપ્ત થયેલ મૃગોનો સમૂહ આશ્ચર્યચકિત થઈને પથ્થરમાં કોતરેલી મૂર્તિ સમજવા લાગે તો મારા જેવો મનુષ્ય પુણ્યશાળી હશે. ૧૦૭૬.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, યતિભાવનાષ્ટક, શ્લોક-૩)

વર્ષ-૩

અંક-૫

સંવત
૨૦૬૫

January
A.D. 2009




આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# અનેકાંત જૈન દર્શનના પ્રાણ છે

(સમયસાર નાટક શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૨૮)

આ, શ્રી સમયસાર નાટકમાં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે.

ભગવાન સર્વજ્ઞદેવે જે આત્મસ્વરૂપ જોયું છે તે સત્ય છે, કેમ કે આત્માનું સર્વાંગ સ્વરૂપ સર્વજ્ઞે જ જોયું છે. અજ્ઞાની તો આત્માને એક એક અંશથી જોઈને કદાગ્રહથી તેને જ આત્મા માને છે. શાસ્ત્રમાં આવા એકાંતને સમજવા માટે હાથીનું દૃષ્ટાંત આવે છે કે આંધળો માણસ હાથીના જે અંગને સ્પર્શે છે તેવો જ હાથીને માને છે જ્યારે આંખેથી જોનાર પુરુષ હાથીને જોઈને આખા હાથીને જેવો છે તેવો માને છે. તેમ સર્વજ્ઞદેવ તો પોતાની ત્રણકાળ ત્રણલોકને જાણવાની શક્તિથી આત્મા આદિ છએ દ્રવ્યોને સર્વાંગે જાણે છે અને અજ્ઞાની તો અંધ છે તેથી જેટલું જાણે છે એટલું જ માને છે. આત્મામાં પર્યાય જ છે, દ્રવ્ય નથી એમ માને અથવા તો દ્રવ્ય જ છે, પર્યાય નથી.....એમ એક એક પક્ષને માને છે માટે તે એક પક્ષ માનનારા એકાંગી મિથ્યાદૃષ્ટિ છે.

શ્રોતા :—અજ્ઞાનીનું એક પક્ષનું જ્ઞાન તો સત્ય છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ના. એણે તો એક અંગ જેવડો જ આખો અંગી માન્યો છે. એકમાં જ સર્વરૂપ માન્યા છે માટે તેનું જ્ઞાન ખોટું છે. જ્ઞાનીએ એક એક અંશ મળીને આખી વસ્તુનું જ્ઞાન કર્યું છે માટે તેનું એક એક અંશનું જ્ઞાન સાચું છે અને સર્વજ્ઞે તો ત્રણકાળ ત્રણલોકને જેમ છે તેમ જાણ્યા છે માટે તેમનું કહેલું પદાર્થનું સ્વરૂપ યથાર્થ છે.

અજ્ઞાનીએ તો અસર્વાંશને સર્વાંશ માન્યું છે અનાદિથી અંદરમાં આવી ભૂલ રહે છે. અનેકાંત વસ્તુસ્વરૂપ માનનાર જૈનમત સિવાય બધા મતવાળા સર્વથા એકમતના પક્ષવાળા હોવાથી સત્યસ્વરૂપને જાણતાં નથી.

પાંચેય મતોના એક એક અંગને જૈનમત સમર્થન કરે છે એટલે કે વસ્તુના સર્વાંગને ઓળખીને એક એક અંગ આવા છે એમ માને છે પણ એક અંગને જ સર્વાંગ માનતા નથી એ વાત હવે ૪૫મા પદ્યમાં કહે છે.

પાંચે મતના એકે એક અંગનું જૈનમત સમર્થન કરે છે

निहचै अभेद अंग उदे गुनकी तरंग,
उद्दिमकी रीति लिए उद्धता सकति है।
परजाइ रूपकौ प्रवान सूच्छम सुभाव,
कालकीसी ढाल परिनाम चक्र गति है।।
याही भांति आतम दरबके अनेक अंग,
एक मानै एककौं न मानै सो कुमति है।
टेक डारि एकमैं अनेक खोजैं सो सुबुद्धि,
खोजी जीवै वादी मरै सांची कहवति है।।४५।।

અર્થ :—જીવ પદાર્થના લક્ષણમાં ભેદ નથી. સર્વ જીવ સમાન છે, તેથી વેદાંતીનો માનેલો અદ્વૈતવાદ સત્ય છે. જીવના ઉદયમાં ગુણોના તરંગો ઊઠે છે, તેથી મીમાંસકનો માનેલો ઉદય પણ સત્ય છે. જીવમાં અનંત શક્તિ હોવાથી સ્વભાવમાં પ્રવર્તે છે તેથી નૈયાયિકોનું માનેલું ઉદ્યમ અંગ પણ સત્ય છે. જીવની પર્યાયો ક્ષણે ક્ષણે બદલે છે તેથી બૌધ્ધમતિનો માનેલો ક્ષણિકભાવ પણ સત્ય છે. જીવના પરિણામ કાળચક્રની જેમ ફરે છે અને તે પરિણામોના પરિણમનમાં કાળદ્રવ્ય સહાયક છે તેથી શૈવનો માનેલો કાળ પણ સત્ય છે. આ રીતે આત્મપદાર્થના અનેક અંગ છે. એકને માનવું અને એકને ન માનવું એ મિથ્યાજ્ઞાન છે અને દુરાગ્રહ છોડીને એકમાં અનેક ધર્મ ગોતવા એ સમ્યગ્જ્ઞાન છે. તેથી સંસારમાં જે કહેવત છે કે 'ખોજી જીવે વાદી મરે' તે સત્ય છે.

અમારે આ પ્રશ્ન ૮૩ની સાલમાં બહુ ચાલ્યો હતો. કર્મથી જીવ રખડે છે....કર્મથી રખડે છે...અરે! એમ એકાંત નથી. કર્મના નિમિત્તે વિકાર થાય છે પણ પોતાના ઉપાદાનથી થાય છે. કર્મ ખસે તો મુક્તિ પામે એ પણ નિમિત્તનું કથન છે. વસ્તુસ્વરૂપને ખોજે છે

તે જીવે છે. ખોજી એટલે ઉદ્યમી. જે સત્ય સ્વરૂપને ખોજીને જેવું સ્વરૂપ છે તેવું માને છે તે જીવે છે અને માત્ર વાદ કર્યા કરે છે, સત્યને જાણતાં નથી તે મરે છે.

निहचै अभेद अंग...એક અપેક્ષાએ વેદાંતી કહે છે તે વાત સાચી છે કે બધા જીવો એક જાતના છે, બધાનું લક્ષણ એક છે, બધાનો સ્વભાવ એક છે, એ અપેક્ષાએ બધા જીવો એક છે પણ સંખ્યા અપેક્ષાએ એક છે એમ નથી, સંખ્યા અપેક્ષાએ તો જીવો અનંત છે.

સ્વભાવ અપેક્ષાએ બધા જીવો સમાન છે. "સર્વ જીવ છે જ્ઞાનમય' અથવા 'સર્વ જીવ છે સિદ્ધસમ' એ રીતે બધા એક છે પણ વેદાંત કહે છે તે રીતે એક નથી. ઘણાને સમયસારમાં વેદાંત જેવું કથન છે એમ લાગે છે પણ એમ બિલકુલ નથી. સમયસારમાં જીવનું નિશ્ચય સ્વરૂપ અભેદ છે એમ બતાવ્યું છે પણ પર્યાય આદિ ભેદો નથી એમ કહ્યું નથી. વેદાંત તો પર્યાયને જ માનતાં નથી; પણ એમ નથી. અત્યારે સુધરેલા લોકો વેદાંતને બહુ માને છે. સત્ય શું છે તે શોધવું નથી અને વાતો કરવી છે. આ પણ સાચું છે અને અમારું પણ સાચું છે એમ ન હોય ભાઈ!

उदै गुनकी तरंग....કર્મના ઉદયમાં જીવને અનેક પ્રકારના વિકલ્પો ઊઠે છે તે વાત સાચી છે પણ એ વિકલ્પો જેટલો જ આત્મા છે એ વાત સાચી નથી.

उद्दिमकी रीति लिए....જીવમાં અનંત શક્તિ હોવાથી સ્વભાવમાં પ્રવર્તે છે તેથી નૈયાયિકનું માનેલું ઉદ્યમ અંગ પણ સત્ય છે. પણ ઉદ્યમ એક સત્ય છે અને બીજા અંગ છે જ નહિ—એમ નથી. ઉદ્યમની સાથે સ્વભાવ, કાળ, ભવિતવ્ય આદિ પાંચેય સમવાય છે. એકલા ઉદ્યમને જ માનવું તે જૂઠું છે.

परजाइ रूपकौ....પર્યાય ક્ષણે ક્ષણે પલટાય છે એ અપેક્ષાએ બૌદ્ધનો માનેલો ક્ષણિકભાવ સત્ય છે પણ દ્રવ્ય અને ગુણની અપેક્ષાએ તે સત્ય નથી. દ્રવ્ય-ગુણ અપેક્ષાએ વસ્તુ ત્રિકાળ રહેનાર છે.

અત્યારે જૈનમાં પણ ગડબડ બહુ થઈ ગઈ છે. શુભક્રિયા કરો તો ધર્મ થશે એ માન્યતા મીમાંસકમતની છે તે જૈનમાં આવી ગઈ છે. આત્મા એક જ છે પર્યાય જેવું કાંઈ નથી એ માન્યતા પણ એકાંત મિથ્યાત્વ છે અને પર્યાય જ છે દ્રવ્ય નથી એવું માનનારા પણ ઘણા છે તે પણ એકાંત મિથ્યાદષ્ટિ છે. પર્યાયબુદ્ધિ એટલે વર્તમાનબુદ્ધિ. તો શું આત્મા વર્તમાન પૂરતો જ છે!

વળી, કોઈ ઇન્દ્રિયથી જ્ઞાન કરીને જ્ઞાનને જ ખંડખંડ માને છે પણ ચૈતન્ય અતીન્દ્રિય અખંડ જ્ઞાનમય અભેદ વસ્તુ છે એમ માનતા નથી. જ્ઞાની અખંડને પણ માને છે અને ઇન્દ્રિય તરફના લક્ષવાળું ખંડખંડ જ્ઞાન છે તેને પણ જાણે છે.

कालकीसी ढाल परिनाम चक्र गति है । ક્ષણે ક્ષણે પરિણામની વિચિત્રતા જુઓ! નિગોદમાંથી નીકળી આઠ વર્ષે કેવળજ્ઞાન પામી જાય છે. વચ્ચે એકાદ ભવ થઈ જાય. પણ આઠ વર્ષમાં તો સમકિત અને કેવળજ્ઞાન પામી, દેહ છોડી સિદ્ધ થઈ જાય એવી પરિણામમાં તાકાત છે પણ એ પરિણામમાં સામર્થ્ય આવ્યું ક્યાંથી? એ ત્રિકાળ જ્ઞાયકભગવાન પરિણામીકસ્વરૂપ છે તેમાંથી પરિણામ આવે છે માટે એ દ્રવ્યને પણ માનવું જોઈએ. દ્રવ્યને માન્યા વિના એકલા પરિણામને માને તે મિથ્યાદૃષ્ટિ છે.

याही भांति....આ રીતે આત્મપદાર્થના અનેક અંગ છે. તેમાંથી એકને માને અને એકને ન માને તો તે મિથ્યાજ્ઞાની છે. પણ જે, દુરાગ્રહ છોડીને એકમાં અનેક ગુણ-પર્યાયને ખોજીને માને છે તે સુબુદ્ધિ છે—સમ્યગ્જ્ઞાની છે. 'ખોજી જીવે, વાદી મરે' કહેવત પ્રમાણે ખોજી એવા જ્ઞાની જીવે છે. સર્વજ્ઞ સિવાય માત્ર કલ્પનાથી કહેનારા જીવો મિથ્યાબુદ્ધિ છે. કોઈ સામાન્યને માને પણ વિશેષને ન માને, કોઈ વિશેષને માને પણ સામાન્યને ન માને એવા એકાંતી જીવો અનેકાંતને સમજતાં નથી તે બધા મિથ્યાબુદ્ધિ છે.

ખોજી પાવે, વાદી મરે....સત્ય શોધવાવાળા ખોજી સત્યને પ્રાપ્ત કરે છે અને કોઈ પણ વાતમાં માત્ર વાદ જ કરનારા જીવો સત્યને પામ્યા વગર મરી જાય છે.

'સ્યાદ્‌વાદનું વ્યાખ્યાન'

एकमैं अनेक है अनेकहीमैं एक है सो,
एक न अनेक कछु कह्यो न परतु है।
करता अकरता है भोगता अभोगता है,
उपजै न उपजत मूए न मरतु है॥
बोलत विचारत न बौले न विचारै कछू,
भेखको न भाजन पै भेखसौ धरतु है।
ऐसौ प्रभु चेतन अचेतनकी संगतिसौं,
उलट पलट नटबाजीसी करतु है॥४६॥

અર્થ :—જીવમાં અનેક પર્યાયો થાય છે તેથી એકમાં અનેક છે. અનેક પર્યાયો એક જ જીવદ્રવ્યની છે તેથી અનેકમાં એક છે, તેથી એક છે કે અનેક છે એમ કાંઈ કહી શકાતું નથી. એક પણ નથી, અનેક પણ નથી. અપેક્ષિત એક છે, અપેક્ષિત અનેક છે. તે વ્યવહારનયથી કર્તા છે, નિશ્ચયથી અકર્તા છે; વ્યવહારનયથી કર્મોનો ભોક્તા છે, નિશ્ચયથી કર્મોનો અભોક્તા છે; વ્યવહારથી ઊપજે છે, નિશ્ચયથી ઊપજતો નથી, ઊપજતો નહોતો અને ઉપજશે નહિ; વ્યવહારનયથી મરે છે, નિશ્ચયનયથી અમર છે; વ્યવહારનયથી બોલે છે, વિચારે છે, નિશ્ચયનયથી ન બોલે છે, ન વિચારે છે; નિશ્ચયનયથી તેનું કોઈ રૂપ નથી, વ્યવહારનયથી અનેક રૂપોનો ધારક છે એવો ચૈતન્ય પરમેશ્વર પૌદ્‌ગલિક કર્મોની સંગતિથી ઉલટ-પલટ થઈ રહ્યો છે, જાણે નટ જેવો ખેલ ખેલી રહ્યો છે.

જુઓ! અચેતનના સંગમાં ચેતન પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે અને નટની જેમ ઉલટ-પલટ અવસ્થા ધારી રહ્યો છે. આનંદઘનજીએ પણ કહ્યું છે કે—

સ્થિરતા એક સમયમેં ઉપજે-વિણસે તબહી,
ઉલટ-પલટ ધ્રુવ સત્તા રાખે, યા હમ સુણી ન કબહી
અબધૂ નટ નાગરકી બાજી.

આત્મા એક જ સમયમાં જૂની પર્યાયથી વિણસે છે અને નવી પર્યાયથી ઊપજે છે અને સત્તાને ધ્રુવ રાખે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં ઉત્પાદ-વ્યય ઉલટ-પલટ છે છતાં ધ્રુવ સત્તા રાખે છે. આમ એક જ સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણેય છે આવી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય અમે સાંભળી નથી.

एकमैं अनेक....વસ્તુ તરીકે ભગવાન આત્મા અસંખ્યપ્રદેશી એક વસ્તુ છે પણ ગુણ-પર્યાયથી અનેક છે. એક સમયમાં અનંત ગુણની અનંત પર્યાય થવા છતાં વસ્તુએ એક છે. માટે અનેકમાં એક છે. આ એક જ આત્મામાં અનેક પર્યાયની વાત છે પણ કોઈ માને છે કે સિદ્ધમાં અનંત સિદ્ધ ભળી જાય છે–જ્યોતમાં જ્યોત ભળી જાય તેમ સિદ્ધજીવો એક થઈ જાય છે એમ વાત નથી.

ભક્તામરમાં વિભુ શબ્દ આવે છે ને! આત્મા વિભુ છે તો એમાંથી કોઈ એવો અર્થ કરે કે આત્મા વિભુ એટલે સર્વવ્યાપક છે–એમ નથી. આત્મા પોતાના ગુણ-પર્યાયમાં વ્યાપક છે માટે વિભુ છે. આત્મા પરમાં વ્યાપક નથી.

આત્મા એક છે અને અનેક છે પણ તે એક જ સમયમાં કહી શકાતો નથી માટે

તો સપ્તભંગીમાં આત્માને અવક્તવ્ય કહ્યો છે. જેમ આત્મા સ્યાત્ એક છે અને સ્યાત્ અનેક છે પણ એક સાથે બંને કથન અવક્તવ્ય છે. આ એક એક આત્માની વાત છે તેમ એક પરમાણુને પણ લાગુ પડે છે. એક એક દ્રવ્ય અને એક એક પર્યાયમાં અનંતી સપ્તભંગી લાગુ પડે છે. એક પર્યાય પોતાથી છે અને બીજી અનંતી પર્યાયથી નથી. આવી અસ્તિ-નાસ્તિ એકસાથે છે પણ તેનું કથન એક સાથે થઈ શકતું નથી માટે અવક્તવ્ય છે. સપ્તભંગી સૂક્ષ્મ છે. અરે! આખું જૈનદર્શન સૂક્ષ્મ છે. જૈનદર્શન એ વસ્તુનો સ્વભાવ છે, જૈન કોઈ સંપ્રદાય નથી, વસ્તુનો સ્વભાવ જ એવો છે. વસ્તુ દ્રવ્ય અપેક્ષાએ એક છે અને વસ્તુ પર્યાય અપેક્ષાએ અનેક છે. જે અપેક્ષાએ એક છે તે અપેક્ષાએ અનેક છે એમ નહિ.

करता अकरता.....આત્મા વ્યવહારે રાગનો કર્તા છે, પોતાની પરિણતિનો કર્તા છે અને નિશ્ચયથી અકર્તા પણ છે. અજ્ઞાનપણે આત્મા રાગનો કર્તા છે તેમ ભોક્તા પણ છે. અરે! જ્ઞાનીપણે પણ જેટલી રાગની પરિણતિ છે તેનો કર્તા અને ભોક્તા પણ છે. પ્રવચનસારમાં ૪૭ નય કહી છે તેમાં કર્તૃત્વનય અને ભોક્તૃત્વનય બંને સાથે છે. રાગનો કર્તા છે તેમ ભોક્તા પણ છે. ચાર જ્ઞાનના ધણી પણ પોતાની પર્યાયમાં જેટલો રાગ છે તેનો કર્તા હું છું એમ જાણે છે. રાગ કરવાલાયક છે એમ જાણતા નથી પણ થાય છે તેને જાણે છે અને રાગને ભોગવે પણ છે. ગણધરદેવને પણ હરખનો ભોગવટો છે ને! દૃષ્ટિ અપેક્ષાની વાત જુદી છે પણ દૃષ્ટિ સાથે થયેલું જ્ઞાન તો બંનેને જાણે છે.

દૃષ્ટિની અપેક્ષાએ તો સમકિતી રાગના કર્તા અને ભોક્તા છે જ નહિ. દૃષ્ટિની સાથે પ્રગટેલું જ્ઞાન કર્તા-અકર્તાની બંને અપેક્ષાએ જાણે છે કે રાગનો અકર્તા પણ હું છું અને જેટલું રાગનું પરિણમન છે તેનું કર્તૃત્વ પણ મારામાં છે. ભોક્તા પણ હું અને અભોક્તા પણ હું છું. આ વાત નવી લાગે તેમ છે.

દૃષ્ટિ અપેક્ષાએ તો રાગનો કર્તા-ભોક્તા આત્મા બિલકુલ નથી, કેમ કે શુદ્ધ દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ ત્યાં પરિણમન પણ શુદ્ધ છે, અશુદ્ધતા બિલકુલ નથી. દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે, પર્યાય પણ પરથી ભિન્ન શુદ્ધ છે.

બીજી અપેક્ષાએ સાધકને-સમકિતીને ગણધરને પણ જેટલો રાગનો અંશ છે એટલું તેનું કર્તૃત્વ અનો ભોક્તૃત્વ પણ છે એમ જ્ઞાની જાણે છે. એક જ સમયમાં જ્ઞાનીને રાગનું કર્તા-ભોક્તાપણું છે અને અકર્તા-અભોક્તાપણું પણ છે.

उपजै न उपजत....પર્યાય અપેક્ષાએ આત્મા ઉપજે છે અને દ્રવ્ય અપેક્ષાએ આત્મા

ઉપજતો નથી. પર્યાય અપેક્ષાએ વ્યય અર્થાત્ મરણ થાય છે પણ દ્રવ્ય અપેક્ષાએ મરણ નથી. बोलत विचारत.....વિકલ્પ ઊઠે છે તે પ્રમાણે બોલાય છે તો વ્યવહારે આત્મા બોલે છે એમ પણ કહેવાય, નિશ્ચયથી આત્મા બોલતો નથી. પર્યાયમાં વિચાર ચાલે છે પણ વસ્તુમાં તો કાંઈ વિચાર ન હોય. भेखको न भाजन....પર્યાયમાં નિર્વિકલ્પ આનંદ આદિ વેષ અને ૨૮ મૂળગુણ આદિ વિકલ્પના વેષને ધરે છે પણ નિશ્ચયથી આત્માને કોઈ પર્યાયવેષ નથી. નિશ્ચયથી નિર્વિકલ્પ ભાવલિંગ પણ આત્માને નથી. ભાવલિંગ છે તે પર્યાયમાં છે, વસ્તુમાં કોઈ ભાવલિંગ નથી. ઝીણી વાત છે. પહેલીવાર આવ્યા હોય તેને સૂક્ષ્મ લાગે.

અલિંગગ્રહણમાં કહ્યું છે કે યતિના બાહ્યલિંગનો જેમાં અભાવ છે તે અલિંગગ્રહણ છે. ૨૮ મૂળગુણનો વિકલ્પ અને બાહ્ય નગ્નપણું દ્રવ્યના સ્વભાવમાં નથી, માટે આત્માને અલિંગ્રહણ કહેવામાં આવ્યો છે. આત્મામાં દ્રવ્યવેદ તો નથી પણ ભાવવેદ પણ નથી. પ્રવચનસારની ૧૭૨ ગાથામાં અલિંગગ્રહણના ૨૦ બોલ આપ્યા છે તેમાં આ ૧૭મો બોલ છે. કેટલું સ્પષ્ટ! આચાર્યોએ શાસ્ત્રની રચનામાં કેવળજ્ઞાનના બધા ખુલાસા સ્પષ્ટ કરી દીધા છે.

(બાળકનો રડવાનો અવાજ સાંભળીને....) અહીં રોવાનું હોય! શાસ્ત્રમાં આવે છે ને! મુનિ આહાર માટે જતાં હોય ત્યાં કોઈના રુદનનો અવાજ સાંભળે તો આહાર ન લે. અરે! અમે મોક્ષમાર્ગે નીકળ્યા છીએ ત્યાં આ શું? આનંદને બદલે આ શું? મહિનાના ઉપવાસ પછી આહારનો વિકલ્પ ઉઠ્યો હોય પણ તેને તોડીને અમૃતાનંદનો અનુભવ કરે છે. આહારમાં અંતરાય સમજીને પાછા ફરી જાય છે. અહા! મુનિપણા કોને કહેવા! ધન્ય અવતાર! ચારિત્રની વ્યાખ્યા પણ લોકોને સાંભળવા મળી નથી ત્યાં ચારિત્રનું પરિણમન તો ક્યાંથી હોય! મુનિ આહાર લેવા જતાં હોય અને રસ્તામાં ઉપરથી કાગડાની વિષ્ટા શરીર ઉપર પડી જાય તોપણ મુનિ આહારમાં અંતરાય માનીને વિકલ્પ તોડી નાંખે. અરે! અમે મોક્ષના માર્ગમાં આનંદની લ્હેર લેવા નીકળ્યા છીએ તેમાં અમને કોઈ વિઘ્ન ન હોય. મોક્ષના માર્ગમાં અટકાવ કેવો! અમારા ઉપયોગનું કોઈ હરણ કરી જાય એવો અમારો સ્વભાવ નથી. અમારો ઉપયોગ આત્મા સાથે જોડાયો છે. તેનું કોઈ હરણ કરી શકે તેમ નથી.

અલિંગગ્રહણમાં આ ૯મા બોલમાં આવ્યું છે કે લિંગ એટલે ઉપયોગ નામનું લક્ષણ પરથી હરણ થઈ શકતું નથી. મુંબઈ ગયા ત્યારે સ્વાગતના માંગલિકમાં આ બોલ વાંચ્યો હતો. જે ઉપયોગ આત્મા સાથે જોડાયો છે તેનું કોઈ હરણ કરે કે નાશ કરે એવી જગતમાં

કોઈ ચીજ નથી. કોઈ અગિયારમાં ગુણસ્થાનથી પડે કે ગમે ત્યાંથી પડે તે કાંઈ આત્માનો સ્વભાવ નથી.

આચાર્યોએ તો કોઈ ગજબ કામ કર્યાં છે. જગત સામે સત્‌ની પ્રસિદ્ધિ કરી દીધી કે મારગ તો આ છે. તને રુચે કે ન રુચે તે માટે તું સ્વતંત્ર છો પણ મારગ તો આવો છે. ઉપયોગનું કદી હરણ થતું નથી. આ ઉપયોગને અમે આત્માનું લક્ષણ કહીએ છીએ. અખંડાનંદ ભગવાન આત્માના પૂર્ણસ્વરૂપની જ્યાં દૃષ્ટિ થઈ અને લક્ષ થયું તે ઉપયોગ છે. એ લક્ષ જો છૂટે તો તે ઉપયોગ નથી માટે કહ્યું કે ઉપયોગનું હરણ કદી થતું નથી.

भेखको न भाजन पै भेखसौ धरतु है । નિર્વિકલ્પ વીતરાગી પર્યાયરૂપ વેષનું પણ દ્રવ્ય ભાજન નથી. છતાં પર્યાયમાં વેષ ધારણ થાય છે.

ऐसो प्रभु चेतन अचेतनकी संगतिसौं....શબ્દ જુઓ! અચેતને ચેતનને કાંઈ કર્યું એમ નથી કહ્યું. ચેતને અચેતનની સંગતિ કરીને પરિણામમાં ઉલટ-પલટ કર્યું છે. આ બધી નટની બાજી જેવી ચાલ છે. માટે હવે કહે છે કે આ બધું છોડીને અનુભવ કરવાયોગ્ય છે. કર્તા-ભોક્તા, અકર્તા-અભોક્તાપણું જે નયથી છે તે રીતે સમજી લેવું પણ પ્રયોજન તો અનુભવનું છે.

'નિર્વિકલ્પ ઉપયોગ જ અનુભવવા યોગ્ય છે'

नटबाजी विकलप दसा, नांही अनुभौ जोग।
केवल अनुभौ करनकौ, निरविकलप उपजोग ।।४७।।

અર્થ :–નટની જેમ જીવની ઉલટી-સુલટી સવિકલ્પ અવસ્થા છે તે અનુભવવા યોગ્ય નથી. અનુભવ કરવાયોગ્ય તો તેની ફક્ત નિર્વિકલ્પ અવસ્થા જ છે.

હું નિત્ય છું કે અનિત્ય છું, રાગનો કર્તા છું કે અકર્તા-અભોક્તા છું એ બધા ભેદના વિકલ્પ છે. દ્રવ્યે હું એક છું, પર્યાયે અનેક છું, દ્રવ્યમાં વેષ નથી, પર્યાયમાં વેષ છે, એ બધા વિકલ્પ આવે છે પણ તે અનુભવવા યોગ્ય નથી કેમ કે એવા કોઈ વિકલ્પો વડે નિર્વિકલ્પ અનુભૂતિ થતી નથી. વ્યવહાર વડે નિશ્ચયની પ્રાપ્તિ થતી નથી. નિર્વિકલ્પ ઉપયોગમાં જ સમ્યગ્દર્શન અને સ્વાનુભૂતિ થાય છે. વિકલ્પોની હારમાળાને તો અહીં નટબાજીમાં નાંખી દીધી છે.

સમયસારની ૧૩મી ગાથામાં આવે છે કે નય, નિક્ષેપ અને પ્રમાણથી વસ્તુને સિદ્ધ

કરવી પણ અનુભવમાં એ વિકલ્પો કામ નહિ આવે. નિશ્ચય શું છે? વ્યવહાર શું છે? આખી વસ્તુ કેવી છે? વસ્તુનું નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ શું છે એ બધું નક્કી કરવું પણ તેના દ્વારા અનુભવ નહિ થાય. અનુભવ તો નિર્વિકલ્પ ઉપયોગમાં જ થશે કેમ કે આત્મવસ્તુ નિર્વિકલ્પ ઉપયોગસ્વરૂપ છે.

અલિંગગ્રહણમાં પણ આ વાત આવી છે કે જેમ સૂર્યમાં મેલ નથી તેમ આત્મામાં શુભ-અશુભ ઉપયોગ નથી, આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે. ઉપયોગનું હરણ નથી એ નવમો બોલ છે અને આ દશમો બોલ છે. શુભાશુભ પરિણામ અનાત્મા છે, આસ્રવ છે. આત્માના સ્વરૂપમાં એ ભાવ નથી.

બજારમાં માલ લેવા જાય ત્યારે પહેલાં ભાવ પૂછે, ત્રાજવા-તોલા તપાસે, વજન બરાબર જૂએ પણ ઘરે લાવીને ખાવા બેસે ત્યારે તેના ભાવ આદિનો વિકલ્પ કરતો નથી. તેમ અહીં કહે છે કે પ્રથમ સર્વજ્ઞે કહેલાં આત્માના દ્રવ્ય, ગુણ, પર્યાયને બરાબર ઓળખે, નય, નિક્ષેપ, પ્રમાણ દ્વારા વસ્તુનો યથાર્થ નિર્ણય કરે પણ તેના અનુભવકાળે કોઈ વિકલ્પ કરતો નથી. કેમ કે પહેલાં જે વાચક સાધક હતા તે જ અનુભવમાં બાધક થાય છે. ભણતર ત્યાં કામ લાગતું નથી. વિકલ્પવાળું જ્ઞાન અનુભવમાં મદદ કરવાવાળું નથી.

અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ'.

શુદ્ધોપયોગનો જ અનુભવ કરવાયોગ્ય છે. રાગ અને વિકલ્પનો અનુભવ કરવાયોગ્ય નથી. દ્રવ્યનો તો અનુભવ થાય જ નહિ પણ દ્રવ્યના આશ્રયે પરિણમેલી નિર્વિકલ્પ પર્યાયનો અનુભવ કરવાયોગ્ય છે. ધ્રુવ તો ત્રિકાળ ટકતી ચીજ છે, તેનું વેદન ન હોય, વેદન તો પર્યાયનું હોય.

'અનુભવમાં વિકલ્પ ત્યાગવાનું દૃષ્ટાંત'

जैसे काहु चतुर संवारी हे मुकत माल,
मालाकी क्रियामें नाना भांतिकौ विग्यान है।
क्रियाकौ विकलप न देखै पहिरनवारौ,
मोतिनकी सोभामें मगन सुखवान है॥
तैसे न करै न भुंजै अथवा करै सो भुंजै,
और करै और भुजै सब नय प्रवांन है।

जदपि तथापि विकलप विधि त्याग जोग,
निरविकलप अनुभौ अमृत पान है॥४८॥

અર્થ :—જેમ કોઈ ચતુર મનુષ્યે મોતીની માળા બનાવી, માળા બનાવવામાં અનેક પ્રકારની ચતુરાઈ કરવામાં આવી, પરંતુ પહેરનાર માળા બનાવવાની કારીગરી ઉપર ધ્યાન દેતો નથી, મોતીની શોભામાં મસ્ત થઈને આનંદ માને છે. તેવી જ રીતે જોકે જીવ ન કર્તા છે, ન ભોક્તા છે, જે કર્તા છે તે જ ભોક્તા છે, કર્તા બીજો છે ભોક્તા બીજો છે. આ બધા નય માન્ય છે તોપણ અનુભવમાં આ બધી વિકલ્પજાળ ત્યાગવા યોગ્ય છે. કેવળ નિર્વિકલ્પ અનુભવનું જ અમૃતપાન કરવાનું છે.

વિકલ્પમાત્રને ત્યાગે ત્યારે અનુભવનું અમૃતપાન થાય છે. અનુભવ વિનાના એકલા વિકલ્પને વ્યવહાર નામ પણ આપી શકાય નહિ તેને બદલે એવા વિકલ્પોને સાધન માનવા રહેવા દે બાપુ! સત્ય જેમ છે તેમ રહેવા દે ભાઈ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધિ સહિત મહાવ્રતાદિના વિકલ્પને વ્યવહાર કહેવાય છે. દ્રવ્યનો આશ્રય લીધા વિનાના વિકલ્પને વ્યવહાર કહેવામાં આવતો નથી.

મોતીની માળા બનાવતી વખતે મોતી, દોરા, માળા વગેરેની ગૂંથણીના વિકલ્પો હોય છે પણ માળા પહેરવા લાગ્યો ત્યારે તો તેની શોભાને જ અનુભવે છે. તેમ આત્માના સ્વરૂપનો નિર્ણય કરવામાં આત્મા સ્વભાવથી રાગનો કર્તા કે ભોક્તા નથી. પર્યાય અપેક્ષાએ રાગનો કર્તા-ભોક્તા છે. એક પર્યાય રાગ કરે છે અને બીજી પર્યાય તેના ફળને ભોગવે છે. એ બધી અપેક્ષાઓનું જ્ઞાન કરે છે, અનેક નયોથી વસ્તુને પ્રમાણ કરે છે પણ નિર્વિકલ્પ અનુભવ કરવામાં આ બધી વિકલ્પજાળ ત્યાગવાયોગ્ય છે. કેવળ નિર્વિકલ્પ અનુભવનું અમૃતપાન કરવાયોગ્ય છે. ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શન થાય તે કાળે જ અનુભવમાં વિકલ્પનો ત્યાગ છે.

હું રાગનો કર્તા છું ને ભોક્તા છું વગેરે વિકલ્પો તો છોડવાયોગ્ય છે જ પણ હું એક છું, અબંધ છું, શુદ્ધ છું, પરિપૂર્ણ છું એવા વિકલ્પને પણ છોડ્યા વિના નિર્વિકલ્પ અનુભવ નહિ થાય. ચિદાનંદ ભગવાનને ધ્યેય બનાવીને જે અનુભવ થાય તે અમૃતનું પાન છે.

(ક્રમશઃ)

# ધર્મનું મૂળ સર્વજ્ઞ છે

ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. આ..હા..હા..! અને સર્વજ્ઞે જે જોયું અને કહ્યું તે જ પ્રમાણે વસ્તુનો સ્વભાવ છે. એ રીતે જે રીતે છે...આ..હા..હા...! બાર અંગની વ્યાખ્યા 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં આવી ને? ક્રમ...ક્રમ...ક્રમસર શું કીધું? ક્રમનિયમિત. એ આખા જૈનદર્શનનો અકર્તાપણાનનું શાસન છે. અકર્તા! આહા...હા...! ક્રમનિયમિત – જે સમયે જે પર્યાય ક્રમે થવાની તે થવાની તે નિયમિત નિશ્ચય છે. એમાં અકર્તાપણું સિદ્ધ કરવું છે–ક્રમનિયમિત સિદ્ધ નથી કરવું. ક્રમનિયમિત તો અકર્તાપણામાં તેનો સિદ્ધાંત આવી જાય છે. આહા...હા...! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! એ અકર્તાપણું ત્યાં સુધી (છે કે એ) જૈનશાસનની કલગી આખું તત્ત્વ (છે). આહા...હા...! પરનો તો કર્તા નહિ, વ્યવહારરત્નત્રયના રાગનો પણ કર્તા આત્મા નહિ પણ એની નિર્મળ પર્યાયનો પણ દ્રવ્ય કર્તા નહિ. ત્યાં સુધી ક્રમબદ્ધમાં – ક્રમનિયમિતમાં અકર્તાપણાનો સિદ્ધાંત અહીં સુધી લઈ ગયા છે. આહા...હા...!

શાસ્ત્રમાં એવી ગાથા ઘણી આવે :– 'अचिरम्' અલ્પ કાળમાં મોક્ષ થશે. અલ્પકાળમાં મોક્ષ થશે તો ઓલું ક્રમબદ્ધ ક્યાં ગયું? એ ક્રમબદ્ધમાં જ અલ્પકાળ આવ્યો. એના ક્રમમાં જેને આત્મા તરફના શુદ્ધોપયોગની જમવટ જામી ગઈ છે એને અલ્પકાળમાં જ ક્રમબદ્ધમાં કેવળજ્ઞાન થવાનો કાળ છે એમ કહે છે. એ ઉગ્ર પુરુષાર્થનો જે કાળ આવ્યો, એ જ એને ક્રમમાં કેવળજ્ઞાન થવાનો એને કાળ છે. આહા...હા...! ઝીણી વાતું બહુ આવી. આહા...હા...! એના ક્રમમાં જ અંતર્મુખમાં પ્રયત્ન કરવાનો પુરુષાર્થ છે. આ..હા..હા...! સમજાણું કાંઈ? મોટા વાંધા, ક્રમબદ્ધના એટલા વાંધા કે ક્રમબદ્ધમાં જાઓ તો નિયત થઈ જશે, એકાંત થઈ જશે. અરે...! એ બધું જેમ છે તેમ છે. આહા...હા...!

સ્વભાવ સન્મુખનો એકદમ ઉગ્ર પ્રયત્ન કરી રહ્યા છે એ ક્રમમાં એ જ આવ્યું છે. સમજાય છે કાંઈ? કારણ કે ક્રમબદ્ધનો અર્થ કે પરનો કર્તા તો નથી પણ રાગના નાશનો પણ કર્તા નથી, તેમ પર્યાયને ઉત્પન્ન કરનારનો કર્તા નથી એવા દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે એટલે ક્રમબદ્ધમાં એને આવો જ પુરુષાર્થ આવે. આહા...હા...! આકરું કામ ઘણું, ભાઈ! વીતરાગના માર્ગની શૈલી કઠણ ઘણી પણ તેના ફળ કેવા!! આ..હા..હા...!

**–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી**

# પંચ પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર

## શ્રી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું સ્વરૂપ

(જુલાઈ-૦૮થી ચાલુ પ્રવચન નં. ૪)

જૈન મુનિઓને તો અંતરની શુદ્ધોપયોગદશાપૂર્વક બહારમાં દ્રવ્યલિંગ હોય છે. અંતરંગદશાને જાણ્યા વગર, એકલા બહારના દ્રવ્યલિંગથી જ જે પોતાને મુનિપણું માને તે તો સંસારતત્ત્વ જ છે.

સંસાર શું?–કે : જીવનો ઉદયભાવ તે જ સંસારતત્ત્વ છે. મિથ્યાદૃષ્ટિજીવ દ્રવ્યલિંગી થાય તોપણ તેણે સંસાર છોડ્યો નથી કેમકે તે ઉદયભાવમાં જ ઊભો છે, તેથી તે સંસારમાં જ પડેલો છે.

સમકિતી ધર્મી ગૃહસ્થપણામાં હોય તોપણ સમ્યગ્દર્શનાદિરૂપ જે ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવ પ્રગટ્યો છે તેટલો સંસાર તો તેન છૂટી ગયો છે. માટે, મિથ્યાદૃષ્ટિ મુનિ કરતા સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને શ્રેષ્ઠ કહ્યો છે. મિથ્યાદૃષ્ટિ મુનિ તો સંસારમાર્ગી છે ને સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ તો મોક્ષમાર્ગી છે.

અહીં તો સાચા ભાવલીંગી મુનિઓની વાત છે. જ્યાં અંતરંગદશાપૂર્વક બાહ્ય દિગંબરદશા ન હોય ત્યાં મુનિપણું હોતું નથી. અંતરંગમાં મુનિદશાની શુદ્ધતા પ્રગટી હોય ને ગૃહવાસમાં રહેતા હોય—એમ કદી ન બને. મુનિઓ વન-જંગલમાં વસે છે.

વળી મુનિઓ ૨૮ મૂળગુણોનું અખંડ પાલન કરે છે. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઈન્દ્રિયનિરોધ, છહ આવશ્યક, કેશલોચ, સ્નાન રહિતપણું, નગ્નતા, અદંતધોવન, ભૂમિશયન, સ્થિતિભોજન અને એકવાર આહારગ્રહણ—એ પ્રમાણે ૨૮ મૂળગુણ છે. તેમાં મુનિ વિપરીતતા આવવા દેતા નથી.

જ્યાં નગ્નતાને બદલે વસ્ત્રસહતિપણું હોય, સ્થિતિભોજન એટલે ઊભા ઊભા આહારને બદલે બેઠા બેઠા કે વાસણ વગેરેમાં ભોજન હોય તથા દિવસમાં એક જ વાર આહારને બદલે અનેકવાર આહાર હોય—ઈત્યાદિ પ્રકારે મૂળગુણમાં ભંગ હોય, ત્યાં મુનિદશા હોતી નથી; છતાં તેમાં જે મુનિદશા માને, તેને મુનિની ઓળખાણ નથી એટલે ગુરુ-પદની તેને ખબર નથી.

અહીં તો અંતરની શુદ્ધોપયોગદશા સહિતના ૨૮ મૂળગુણોની વાત છે. અંતરની દશા વગર એકલા શુભરાગથી ૨૮ મૂળગુણ પાળે તો તે દ્રવ્યલિંગ છે; તેને ખરેખર મુનિદશા નથી. અને જેને ૨૮ મૂળગુણમાં પણ વિપરીતતા હોય તેને તો (ભલે શરીરની દિગંબરદશા હોય તોપણ) દ્રવ્યલિંગ પણ સાચું નથી.

વળી, મુનિઓ ૨૨ પરિષહ સહન કરે છે. માર્ગથી અચ્યુતપણા માટે તથા નિર્જરા અર્થે પરિષહ સહન કરવાનું કહ્યું છે, એટલે જેને અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ માર્ગ પ્રગટ્યો છે, તેને તે માર્ગથી અચ્યુતિરૂપ પરીષહ હોય. પણ, જેને હજી માર્ગ જ પ્રગટ્યો નથી એવા મિથ્યાદૃષ્ટિને પરીષહ હોતો નથી.

પરીષહ તે કાંઈ દુઃખ નથી. ભૂખ, તરસ, ટાઢ, તડકા વગેરેનાં દુઃખ વેઠવાં—તેને અજ્ઞાની પરીષહ કહે છે, પણ તે વાત સાચી નથી. જેમાં દુઃખ લાગે કે અંતરંગમાં રાગ-દ્વેષ થાય તે પરીષહ નથી. દુઃખ લાગે તે તો અશુભ-પાપભાવ છે અથવા રાગ-દ્વેષની ઉત્પત્તિ થયા પછી તેને જીતવા, તેનું નામ પરીષહજય—એમ કોઈ કહે તો તે પણ સત્ય નથી.

'માર્ગથી અચ્યુતપણું' એટલે કે વીતરાગભાવરૂપ માર્ગથી ખસીને રાગ-દ્વેષની ઉત્પત્તિ જ ન થવી તે પરિષહ છે. પણ, રાગ-દ્વેષ થાય તેટલું તો માર્ગથી ચ્યુતપણું છે, તે પરીષહ નથી.

મુનિને અંતરમાં સ્વરૂપસ્થિરતા વડે માર્ગ પ્રગટ્યો છે તેથી ગમે તેવા અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગ આવે તોપણ તેઓ રાગ-દ્વેષ કરતા નથી ને માર્ગથી ચ્યુત થતા નથી. તેમને પરીષહ છે ને તે નિર્જરાનું કારણ છે.

વળી, મુનિ બાર પ્રકારના તપને આદરે છે. ક્યારેક ધ્યાનમુદ્રા ધારણ કરીને પ્રતિમાવત્ નિશ્ચલ થાય છે, કદાચિત્ અધ્યયનાદિક બાહ્યધર્મક્રિયામાં પ્રવર્તે છે, કોઈવાર મનિધર્મને સહકારી શરીરની સ્થિતિ અર્થે યોગ્ય આહાર-વિહારાદિ ક્રિયામાં સાવધાન થાય છે.

મુનિઓને છઠ્ઠા ગુણસ્થાનનો કાળ અંતર્મુહૂર્ત કરતાં વધારે હોય જ નહિ. વારંવાર સાતમા ગુણસ્થાનની નિર્વિકલ્પદશા તો થયા જ કરે છે ને તે ઉપરાંત નિર્વિકલ્પધ્યાનમાં વિશેષ એકાગ્રતાનો પ્રયત્ન કરે છે.

કલાકોના કલાકો સુધી લાંબો કાળ ઊંઘમાં પડ્યા રહે ત્યાં વિશેષ પ્રમાદ છે. એવો પ્રમાદ હોય ત્યાં મુનિદશા ન હોય. મુનિને સ્વરૂપની જાગૃતિ ઘણી વર્તે છે એટલે વારંવાર

નિર્વિકલ્પ અપ્રમત્ત દશા આવ્યા કરે છે. એક સાથે અંતર્મુહૂર્ત કરતાં વધારે વખતની નિદ્રા મુનિને હોય નહિ. મુનિઓ ધ્યાનમાં એકાગ્રતા વડે અંતરમાં લીન રહેવાનો વારંવાર પ્રયત્ન કરે છે.

આ રીતે, શુદ્ધોપયોગથી માંડીને આહારાદિકનું વર્ણન કરીને મુનિની અંતર તેમજ બાહ્યદશા કેવી હોય તે ઓળખાવ્યું. તેમાં ખરું તો અંતરમાં જે શુદ્ધોપયોગી વીતરાગી ચારિત્ર છે તે જ મુનિપણું છે. તેની સાથે શુભરાગ કેવો હોય ને બાહ્યનિમિત્તો કેવા હોય તે બતાવ્યું છે.

જેઓ જૈનમુનિ છે તેમને સર્વેની ઉપર કહ્યું તેવી જ અંતર-બાહ્ય દશા હોય છે, એનાથી વિપરીત હોય તો તે જૈનમુનિ નથી અને જૈન સિવાય બીજામાં તો કદી સાચી મુનિદશા હોતી જ નથી.

ઉપર મુનિદશાનું જેવું અંતરંગ અને બાહ્ય સ્વરૂપ કહ્યું તેવી જ અવસ્થા સર્વે જૈનમુનિઓને હોય છે, તેમા કોઈ અપવાદ નથી. જે કોઈ જૈનમુનિ હોય—આચાર્ય હોય, ઉપાધ્યાય હોય કે સાધુ હોય, ચોથાકાળના હોય કે પંચમકાળના હોય, મહાવિદેહના હોય કે ભરતક્ષેત્રના હોય, જિનકલ્પી હોય કે સ્થવિરકલ્પી હોય—તે બધાય જૈનમુનિઓની દશા ઉપર કહ્યું તેવી જ હોય છે. તેમાં જો વિપરીતપણું હોય તો તે જૈનમુનિ નથી–એમ સમજવું. એ "ણમો લોએ સવ્વ સાહૂણં"—એમ કહ્યું, તેમાં આવી દશાવાળા સર્વ સાધુઓનો સમાવેશ થાય છે; આનાથી વિપરીત હોય તે કોઈનો તેમાં સમાવેશ થતો નથી.

ધન્ય છે તે મુનિદશા! અહો! મુનિદશા તો અલૌકિક પદ છે. મુનિ તો પંચ પરમેષ્ઠી પદમાં ભળી ગયા છે.

શ્રી આચાર્ય પરમેષ્ઠી તથા શ્રી ઉપાધ્યાય પરમેષ્ઠીમાં ઉપર કહી તેવી મુનિદશા ઉપરાંત બીજી શું વિશેષતા હોય છે, તે કહે છે.

તેઓમાં સમ્યગ્જ્ઞાન-ચારિત્રની અધિકતા વડે પ્રધાનપદને પામી જેઓ સંઘમાં નાયક થયા છે, મુખ્યપણે તો નિર્વિકલ્પ સ્વરૂપાચરણ વિષે જ જેઓ નિમગ્ન છે પરંતુ કદાચિત્ ધર્મ-લોભી અન્ય જીવાદિને દેખી રાગાંશના ઉદયથી કરુણાબુદ્ધિ થાય, તો તેમને ધર્મોપદેશ આપે છે; દીક્ષાગ્રાહકને દીક્ષા આપે છે તથા પોતાના દોષ પ્રગટ કરે તેને પ્રાયશ્ચિત્ત-વિધિ વડે શુદ્ધ કરે છે—એવા આચરણ કરવા–કરાવવાવાળા શ્રી આચાર્ય પરમેષ્ઠીને અમારા નમસ્કાર હો.

આ રીતે, અંતરના નિર્વિકલ્પ આનંદના આચરણપૂર્વક આવા દીક્ષા-શિક્ષા વગેરેનું આચરણ કરવા-કરાવવાવાળા શ્રી આચાર્ય પરમેષ્ઠી છે.

વળી, જે પુરુષ ઘણા જૈનશાસ્ત્રોનો જ્ઞાતા હોઈ સંઘમાં પઠન-પાઠનનો અધિકારી બન્યો હોય, સમસ્ત શાસ્ત્રના પ્રયોજનભૂત અર્થને જાણી એકાગ્ર થઈ જે પોતાના સ્વરૂપને ધ્યાવે છે, પરંતુ કદાચિત્ કષાયાંશના ઉદયથી ત્યાં ઉપયોગ ન થંભે તો આગમને પોતે ભણે છે વા અન્ય ધર્મબુદ્ધિવાનને ભણાવે છે—એ પ્રમાણે સમીપવર્તી ભવ્યજીવોને અધ્યયન કરાવવાવાળા શ્રી ઉપાધ્યાય પરમેષ્ઠીને અમારા નમસ્કાર હો.

એ પ્રમાણે પોતાના અંતરસ્વરૂપમાં એકાગ્રતાના અભ્યાસની મુખ્યતાપૂર્વક સમીપવર્તી ભવ્યજીવોને અધ્યયન કરાવવાવાળા શ્રી ઉપાધ્યાય પરમેષ્ઠી છે.

એ બે પદવીધારક વિના અન્ય સમસ્ત જે મુનિપદના ધારક છે, આત્મ-સ્વભાવને સાધે છે, પોતાનો ઉપયોગ પરદ્રવ્યમાં ઈષ્ટ-અનિષ્ટપણું માની ફસાય નહિ વા ભાગે નહિ તેમ ઉપયોગને સાધે છે, બાહ્યતાના સાધનભૂત તપશ્ચરણાદિ ક્રિયામાં પણ પ્રવર્તે છે, એવા આત્મ-સ્વભાવના સાધક સાધુ પરમેષ્ઠીને અમારા વંદન હો.

આવી જાતનો ભાવ તે ભૂમિકામાં છઠ્ઠા ગુણસ્થાને હોય છે પણ ત્યાં મુખ્યતા તો શુદ્ધોપયોગ વડે સ્વરૂપને જ સાધવાની છે—આવા સ્વરૂપ-સાધક શ્રી સાધુ પરમેષ્ઠી છે.

એ રીતે, પંચ પરમેષ્ઠી ભગવંતોને ઓળખીને તેમને નમસ્કાર કર્યા.

હવે, તે પંચ પરમેષ્ઠીનું મહાનપણું શેના વડે છે—તે ઓળખાવે છે.

એ પ્રમાણે એ અરિહંતાદિકનું સ્વરૂપ વીતરાગ-વિજ્ઞાનમય છે, એ વડે જ શ્રી અરિહંતાદિક સ્તુતિયોગ્ય મહાન થયા છે.

કારણ જીવતત્ત્વથી તો સર્વ જીવો સમાન છે, પરંતુ રાગાદિ વિકાર વડે વા જ્ઞાનની હીનતા વડે જીવ નિંદા યોગ્ય થાય છે તથા રાગાદિની હીનતા વડે વા જ્ઞાનની વિશેષતા વડે સ્તુતિયોગ્ય થાય છે.

હવે શ્રી અરિહંત-સિદ્ધોને તો સંપૂર્ણ રાગાદિકની હીનતા તથા જ્ઞાનની વિશેષતા થવાથી સંપૂર્ણ વીતરાગ-વિજ્ઞાનભાવ સંભવે છે તથા શ્રી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને એકદેશ રાગાદિકની હીનતા તથા જ્ઞાનની વિશેષતા થવાથી એકદેશ વીતરાગ-વિજ્ઞાનભાવ સંભવે છે, માટે એ શ્રી અરિહંતાદિક સ્તુતિયોગ્ય મહાન જાણવા.

શરૂઆતના મંગલાચરણમાં કહ્યું હતું કે—

મંગલમય મંગલકરણ, વીતરાગ-વિજ્ઞાન,
નમો તેહ જેથી થયા, અરહંતાદિક મહાન.

શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ–એ પાંચે પરમેષ્ઠીનું સ્વરૂપ વીતરાગ-વિજ્ઞાનમય છે અને તે વીતરાગ-વિજ્ઞાન વડે તેમની મહાનતા છે.

આવા વીતરાગસ્વરૂપને ઓળખીને જે જીવ પંચ પરમેષ્ઠીને પૂજ્ય માને, તે જીવ રાગાદિકને પોતાનું સ્વરૂપ ન માને (અર્થાત્) રાગથી લાભ ન માને, પણ પોતાનું સ્વરૂપ રાગથી ભિન્ન જાણીને ભેદજ્ઞાન કરે.

જે જીવ રાગથી લાભ માને છે તેણે રાગને મહાનતા આપી છે એટલે વીતરાગી વિજ્ઞાન વડે મહાન એવા શ્રી પંચ પરમેષ્ઠીને તેણે ખરેખર ઓળખ્યા નથી.

શ્રી પંચપરમેષ્ઠી કેવા છે?–રાગમય નથી પણ વીતરાગ-વિજ્ઞાનમય છે તેનાથી જ તેમની પૂજ્યતા છે.

મુનિ વગેરેને કિંચિત્ રાગ હોય છે, પણ તે રાગ વડે તેમની પૂજ્યતા નથી; પૂજ્યતા તો વીતરાગી વિજ્ઞાનથી જ છે. જે પંચ મહાવ્રતાદિનો રાગ છે, તે કાંઈ મુનિનું સ્વરૂપ નથી, મુનિનો સ્વરૂપ તો વીતરાગ-વિજ્ઞાનમય છે. રાગ તો આસ્રવ છે ને મુનિદશા તો સંવર-નિર્જરારૂપ છે.

જીવતત્ત્વ તરીકે તો બધા જીવો સરખાં જ છે. સિદ્ધ અને અજ્ઞાની પણ જીવતત્ત્વ તરીકે તો સરખા જ છે; પણ પર્યાયમાં અજ્ઞાન અને રાગ-દ્વેષ વડે જીવનું નિંદ્યપણું થાય છે. વીતરાગી વિજ્ઞાન વડે પૂજ્યપણું છે ને તેનાથી વિરૂદ્ધ એવા અજ્ઞાન અને રાગ-દ્વેષ વડે નિંદ્યપણું છે.

આત્માના શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપની દૃષ્ટિ વડે અનાદિના અજ્ઞાનનો નાશ કરીને સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ વીતરાગી વિજ્ઞાન પ્રગટ કર્યું છે તેના વડે જ શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતો પૂજ્ય અને મહાન છે. આ રીતે આત્માના ગુણો વડે જ તેનું પૂજ્યપણું છે. એ સિવાય, બાહ્યસંયોગ કે પુણ્ય વડે ખરેખર આત્માનું પૂજ્યપણું નથી. *(ક્રમશઃ)*

# શાસ્ત્રનો સાર

તત્ત્વદૃષ્ટિ બહુ સૂક્ષ્મ છે, ભાઈ! અરે! અનંતકાળથી એણે પરનો–નિમિત્તનો, રાગનો અને પર્યાયનો અભ્યાસ કર્યો છે, એને પોતાના જ્ઞેય માન્યા છે પણ જ્ઞાન–જ્ઞાતા–જ્ઞેય બધું જ હું એક છું એમ અંતર્મુખ થઈ અભેદનો અભ્યાસ કર્યો નથી! પણ બાપુ! જન્મ-મરણ રહિત થવાની ચીજ તો અંતર્પુરુષાર્થથી જ પ્રાપ્ત થાય છે.

અહો! બહુ સરસ વાત છે. ભાઈ! તારે પર સામે ક્યાંય જોવાનું જ નથી. ભગવાન સર્વજ્ઞદેવ સામેય તારે જોવાનું નથી, કેમકે ભગવાન સર્વજ્ઞદેવ સમવસરણમાં બિરાજી રહ્યા હોય તે તારું જ્ઞેય અને તું જ્ઞાયક એમ છે નહિ. ભગવાન સંબંધી કે તેમની વાણી સંબંધી પર્યાયમાં તને જે જ્ઞાન થયું તેને તું જાણે છે. માટે, જ્ઞેય પણ પોતે, જ્ઞાન પણ પોતે અને અંતગુણધામ જ્ઞાતા પણ પોતે જ છે.

શ્રોતા :—પણ દેવ–શાસ્ત્ર–ગુરુ તો શરણદાતા કહ્યા છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–હા; કહ્યાં છે, વ્યવહારથી કહ્યાં છે; પણ નિશ્ચયે એ સર્વ બાહ્ય નિમિત્તો તારા જ્ઞેય પણ નથી. અહા! અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંતા સિદ્ધો, અનંત આચાર્ય–ઉપાધ્યાય–સાધુઓ તને લાભ કરે છે એમ તો નથી, તેઓ તારી ચીજ તો નથી પણ તેઓ તારા વાસ્તવિક જ્ઞેય છે એમ પણ નથી.

અહીં કહે છે–ત્રિકાળવર્તી પંચ પરમેષ્ઠી જ્ઞેય છે ને તું જ્ઞાયક છો એમ નથી. તો કેમ છે?–કે તત્સબંધી તને જે જ્ઞાન થયું છે તે તારી જ્ઞાનપર્યાય જ તને જ્ઞેય થઈ છે. પ્રમેય નામનો ગુણ તારામાં છે તેથી તારું જ્ઞાન તને પ્રમાણ કરીને તે પ્રમેયને (તારી જ્ઞાનપર્યાયને) જાણે છે પણ પર પ્રમેયને તું જાણે છે એ વાત સત્યાર્થ નથી.

આહાહા...! જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતા એવા ત્રણ ભેદ મારું સ્વરૂપમાત્ર છે એટલે કે ત્રણપણે એક જ વસ્તુ હું છું. પરજ્ઞેયથી શું કામ છે? પરજ્ઞેય સાથે મને કાંઈ સંબંધ નથી. ભાઈ! તારે આવો નિર્ણય કરવો પડશે હોં! આ છેલ્લા કળશ છે ને! એકદમ અભેદ લીધું છે. ભાઈ! આ તો આખા શાસ્ત્રનો સાર કહેતાં નિચોડ છે નિચોડ.

ભાઈ! આ જે અનંત જ્ઞેય છે તેને જાણવાની શક્તિ તારી છે કે એ જ્ઞેયની છે? જાણવાની શક્તિ તો તારી છે, તો એમાં પરજ્ઞેય ક્યાં આવ્યા? એ તો બાપુ! પોતાની જ્ઞાનની શક્તિમાં પરજ્ઞેયનું જ્ઞાન પોતાના જ કારણે પોતાનું જ્ઞેય થઈને આવ્યું છે. અહા! પોતાનું જ્ઞાન જ પોતાનું જ્ઞેય થઈને જણાય છે તથા અનંત શક્તિનો પિંડ–જ્ઞાતા પોતે જ છે. આમ ત્રણે થઈને વસ્તુ તો એક જ છે. જુઓ, ભાષા એમ લીધી ને કે–'ज्ञानज्ञेयज्ञातृमद्वस्तु-मात्रः' ત્રણ ભેદસ્વરૂપ વસ્તુમાત્ર હું છું; તેમાં જ મારું સર્વસ્વ છે! લ્યો, આવું વસ્તુસ્વરૂપ છે અને તે ભગવાનની વાણીમાં આવ્યું છે.

–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

(હિસાબી-અહેવાલ તા. ૧-૪-૨૦૦૭ થી તા. ૩૧-૩-૨૦૦૮ તથા નિવેદન)

શ્રી કહાનગુરુ-ભક્ત મુમુક્ષુસમાજ,

સવિનય નિવેદન કે આપણા તારણહાર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સોનગઢ (સુવર્ણપુરી)માં અધ્યાત્મધર્મનો લાભ લેવા માટે ઘણા મુમુક્ષુઓ કાયમી વસવાટ કરે છે તથા બહારગામથી અવારનવાર ઘણા મુમુક્ષુઓ પધારે છે. આ તીર્થધામનો વહીવટ આપ સૌના સહયોગથી આપણું ઉપરોક્ત ટ્રસ્ટ (સંસ્થા) કરી રહેલ છે. દર વર્ષની માફક, આ સાથે તા. ૧-૪-૨૦૦૭ થી ૩૧-૩-૨૦૦૮નાં વર્ષનાં ઓડીટ થયેલ સરવૈયાં, આવક-જાવકના હિસાબો સહિત રજુ કરીએ છીએ, જે ઉપરથી આપને આ ટ્રસ્ટના વહીવટ સંબંધી, આવક-ખર્ચની તથા અન્ય જાણકારી મળી શકશે, અને જેથી આપને સંતોષ થશે એવી આશા રાખીએ છીએ.

(૧) આ વર્ષ દરમ્યાન બધા મહોત્સવો ઉત્સાહપૂર્વક ઊજવવામાં આવ્યા છે. બહારગામથી યાત્રીઓ અને મુમુક્ષુઓ સારી સંખ્યામાં અવારનવાર આવે છે. દરેકને સારી સગવડ આપવાની કાળજી લેવામાં આવે છે. શ્રી જન્મજયંતી-મહોત્સવનો ખર્ચ જેમના તરફથી જન્મજયંતી ઉજવાય છે તેમના તરફથી આપવામાં આવે છે.

(૨) આ સાથેનો સંસ્થાનો હિસાબ જોતાં આવક-ખર્ચનો ખ્યાલ આવશે. તા. ૧-૪-૨૦૦૭ થી ૩૧-૩-૨૦૦૮ના વર્ષ દરમ્યાન કુલ આવક રૂા. ૮૮,૫૦,૯૮૯ છે અને કુલ ખર્ચ રૂા. ૫૧,૬૧,૮૨૭ છે. વરસ આખરે વધારો રૂા. ૩૬,૮૯,૧૬૨ છે.

(૩) સરવૈયા મુજબ વરસ આખરે ધ્રુવફંડ (Corpus) ખાતે રૂા. ૩,૩૮,૫૦,૩૧૩ છે. આ રકમમાં વર્ષ દરમ્યાન રૂા. ૧૮,૭૪,૩૯૪ વધારો થયેલ છે. આ ધ્રુવફંડનું વ્યાજ વાપરવાનું છે. ધ્રુવફંડ પૂરતી રકમનું રોકાણ રાખવું જોઈએ. તે બાબત કાળજી લેવામાં આવે છે.

(૪) અધ્યાત્મ તીર્થ સોનગઢથી પ્રકાશિત 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી માટે ખર્ચને પહોંચી વળવા માટે યોજના અગાઉ જાહેર કરેલ છે. તે પ્રમાણે આજીવન એક માસનું આત્મધર્મ પ્રકાશન માટે ગુજરાતીનાં રૂા. એક લાખ પચ્ચીસ હજાર નક્કી કરેલ છે. તેમજ આજીવન એક મહિનાનાં આત્મધર્મ હિન્દી પ્રકાશન માટે એક લાખ નક્કી કરેલ છે. સ્પોન્સર તરીકે તે દાતારનું નામ તે મહિનાનાં અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

તેવી જ રીતે એક માસનું આત્મધર્મ ગુજરાતી પ્રકાશન માટે રૂા. દસ હજાર નક્કી કરવામાં આવેલ છે. તે અંક પુરતું તે નામ સ્પોન્સર તરીકે તે મહિનાનાં અંકમાં પ્રકાશિત થશે. એક માસનું હિન્દી આત્મધર્મ પ્રકાશિત કરવાનાં રૂા. સાત હજાર પાંચસો નક્કી કરવામાં આવેલ છે. તે અંક પુરતું તે નામ અંકમાં સ્પોન્સર તરીકે દાતારનું નામ પ્રકાશિત કરવામાં આવશે. આ યોજનાને ઠીક પ્રતિસાદ મળેલ છે.

(૫) ગુરુજન્મધામ "ઉમરાળા"નું જીર્ણોદ્ધારનું કામ પૂર્ણ થઈ ગયેલ છે. ઉમરાળામાં ગુરુસ્મૃતિ

તીર્થ નિર્માણ થનાર છે. તેનું હાલ બાંધકામ પૂરશોરમાં ચાલે છે. ત્યાં ભોજનાલય તથા ઉતારા માટે પણ બાંધકામ થનાર છે.

(૬) પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની તપોભૂમિ અધ્યાત્મ તીર્થધામ સોનગઢનો લાભ લેવા આવનાર યાત્રીઓ-મહેમાનો માટે શ્રીમતી કળાબેન હસમુખલાલ વોરા દિ. જૈન અતિથિ ભવન નિર્માણ થયેલ છે. તેવાં જ પ્રકારનાં ચાર બિલ્ડીંગમાં કુલ ૧૬૮ રૂમોનું બાંધકામ હાલ પૂરું થઈ ગયેલ છે. તેનો કુલ બાંધકામ તથા ફર્નિચરનો ખર્ચ રૂા. ૨,૭૮,૧૩,૩૩૨/- જેની સામે ડોનેશન રૂા. ૨,૩૭,૦૨,૭૫૦/- મળેલ છે. હાલ રૂા. ૪૧,૧૦,૫૮૨/- ની રકમ સંસ્થા-ટ્રસ્ટે રોકેલ છે. તે ઉપરાંત ૧૦ રૂમો ટ્રસ્ટે રૂા. ૭૫૦૦૦/- લેખે રૂા. ૭,૫૦,૦૦૦/- રાખેલ છે. આમ કુલ રૂા. ૪૮,૬૦,૫૮૨/- ની રકમ ટ્રસ્ટે રોકેલ છે. હજુ વીંગો તથા રૂમો લખવાની બાકી છે. જો તે અંગેના ડોનરો મળશે તો સરભર થશે. દર વર્ષે તેનો મેન્ટેન્સ ખર્ચ આશરે રૂા. ૩,૦૦,૦૦૦/- લાખ આવે છે એ પણ ખર્ચ સંસ્થાને આવક ન થાય ત્યાં સુધી ભોગવવા પડે છે. નવા ટાવર રૂમોમાં એક રૂમમાં ફર્નીચર વિગેરે માટે નીચે પ્રમાણે સ્કીમ રાખેલ છે.

| | |
|---|---|
| (૧) એક રૂમમાં બે ખુરશી માટે | રૂા. ૫૦૦/- |
| (૨) એક રૂમમાં શાસ્ત્રના (પાંચ પરમાગમ તથા ગુરુદેવ વચનામૃત તથા પરિચય પુસ્તિકા) | રૂા. ૨૦૦/- |
| (૩) એક રૂમના એક કબાટ | રૂા. ૫૦૦૦/- |
| (૪) એક રૂમમાં ફોટા (સીમંધર ભગવાન, કુંદકુંદ ભગવાન, ગુરુદેવશ્રી, બેનશ્રી) | રૂા. ૧૦૦૦/- |
| (૫) સોલાર માટે | રૂા. ૨,૦૦,૦૦૦/- |
| (૬) ઓફિસ ફર્નીચર | રૂા. ૫૦,૦૦૦/- |

ઉપરોક્ત સ્કીમ ચાલુ છે જે કોઈએ લાભ લેવો હોય તે લઈ શકે છે.

(૭) જિનવાણી પ્રકાશનમાં સ્થાયી પુરસ્કર્તા યોજના અંતર્ગત ગુજરાતી પુસ્તકોનાં સ્થાયી પુરસ્કર્તા લગભગ પૂરા થવાની તૈયારીમાં છે. હિન્દી પુસ્તકોનાં સ્થાયી પુરસ્કર્તા બાકી રહે છે. આ યોજનાને દાતાર તરફથી સારો પ્રતિસાદ સાંપડેલ છે.

(૮) ટ્રસ્ટની ઘણી યોજના તૈયાર કરવામાં આવી રહી છે જેથી ક્રમે ક્રમે યોજનાનું આયોજન કરી શકાય. તે આપને જણાવવામાં આવે છે. અમુક દાતારો તરફથી સ્વાધ્યાયમંદિરથી બજારના નાકા સુધી સીમેન્ટ રોડ સારી રીતે તૈયાર થયેલ છે.

ખડ્‌ગાસન બાહુબલીજી તથા જંબુદ્વીપની ભવ્ય રચના વિગેરેનું આયોજન કરવામાં આવેલ છે. તે અંગે અગાઉ આત્મધર્મમાં વિગત આપવામાં આવી હતી.

ઉપરોક્ત હિસાબો જોવાની જેમને ઈચ્છા હોય તેઓએ સેક્રેટરીને લેખિત જાણ કરવાથી સંમતિ આપે તે દિવસે આપ જોઈ શકશો.

તા. ૧-૧-૨૦૦૯

ટ્રસ્ટીઓ,

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ

## તા. ૩૧-૩-૨૦૦૮નાં પુરા થતાં વર્ષનું આવક-જાવક પત્રક

| આવક | ૩૧-૩-૨૦૦૭ | ૩૧-૩-૨૦૦૮ | જાવક | ૩૧-૩-૨૦૦૭ | ૩૧-૩-૨૦૦૮ |
|---|---|---|---|---|---|
| ભાડા...... | ૩૩,૯૭૭ | ૨૭,૮૪૬ | મિલ્કત મરામત | ૪,૯૦,૮૯૮ | ૧,૭૮,૭૨૮ |
| વ્યાજ | ૨,૨૭,૪૨૬ | ૧,૭૪,૭૫૮ | વીમા પ્રીમીયમ | ૨૧,૮૫૬ | ૯,૯૭૦ |
| ડીવીડન્ડ વ્યાજ | ૩૩,૦૨,૮૪૨ | ૩૩,૮૬,૬૭૧ | વહીવટી ખર્ચ | ૪૪,૦૧૦ | ૪૧,૪૬૪ |
| દાન ખાતે | ૨૯,૨૮,૦૯૨ | ૩૦,૫૬,૫૯૬ | ઓડીટ ખર્ચ | ૨૨,૮૦૦ | ૫૧,૬૫૯ |
| ગુપ્ત ભંડાર | ૮,૩૩,૩૭૫ | ૭,૩૪,૩૬૯ | ચેરીટી કમી. ફાળો | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| અન્ય આવક | ૪,૨૭,૯૯૦ | ૮,૩૭,૨૪૮ | અન્યખર્ચ | ૧૩,૩૦૩ | ૯,૨૧૪ |
| કાયમી ફંડ ખાતે | | | વ્યાજ ખર્ચ | ૩,૪૦૦ | ૬,૫૦૩ |
| ટ્રાન્સફર | ૫,૭૦,૧૭૯ | ૬,૩૩,૫૦૧ | રીઝર્વ ફંડથી લાવ્યા | ૧૮,૦૦,૨૪૭ | ૧૮,૩૬,૨૬૦ |
| તુટ સરવૈયામાં | — | — | ધાર્મિક હેતુ ખર્ચ | ૨૬,૩૬,૪૧૬ | ૨૯,૭૮,૦૨૯ |
| | | | વર્ષ આખરે વધારો | ૩૨,૪૦,૯૫૧ | ૩૬,૮૯,૧૬૨ |
| | ૮૩,૨૩,૮૮૧ | ૮૮,૫૦,૯૮૯ | | ૮૩,૨૩,૮૮૧ | ૮૮,૫૦,૯૮૯ |

## તા. ૩૧-૩-૨૦૦૮નું સરવૈયુ

| ફંડ જવાબદારી | ૩૧-૩-૨૦૦૭ | ૩૧-૩-૨૦૦૮ | મિલ્કત-લેણું | ૩૧-૩-૨૦૦૭ | ૩૧-૩-૨૦૦૮ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૧૩,૭૦,૩૩૨ | ૧૩,૭૦,૩૩૨ | સ્થાવર મિલ્કત | ૪,૮૮,૩૨,૮૩૧ | ૫,૭૬,૦૩,૮૬૬ |
| મિલ્કત ફંડ | ૪,૨૮,૬૪,૬૬૭ | ૫,૦૭,૪૪,૧૯૨ | ડેડ સ્ટોક ફર્નિચર | ૧૦,૯૦,૮૬૨ | ૧૩,૬૩,૯૭૨ |
| કાયમી ફંડ | ૩,૧૯,૭૫,૯૧૯ | ૩,૩૮,૫૦,૩૧૩ | જંગમ મિલ્કત | ૩૮,૮૯,૯૯૧ | ૬૨,૨૦,૮૩૫ |
| ચાલુ ફંડ | ૪૫,૯૭,૪૧૮ | ૪૯,૯૨,૩૬૧ | પુસ્તક, કાગળ સ્ટોક, પ્રિન્ટીંગ | ૩૦,૦૨,૧૧૧ | ૨૮,૬૯,૬૭૬ |
| રૂમ બ્લોક ડીપોઝીટ | ૬૩,૩૪,૩૪૦ | ૬૨,૩૪,૩૪૦ | જૈન સેવા સમિતી | ૧૪,૭૫,૮૨૩ | ૧૫,૩૭,૫૯૭ |
| અન્ય દેવાં | ૬૧,૨૪,૪૬૮ | ૪૧,૮૩,૬૪૮ | અન્ય લેણાં | ૮,૦૩,૯૩૮ | ૬,૨૩,૦૭૯ |
| | | | રોકાણો | ૪,૭૦,૦૦,૦૦૦ | ૪,૭૭,૦૦,૦૦૦ |
| ઉપજ ખર્ચ | ૧,૫૧,૭૧,૩૧૫ | ૧,૮૮,૬૦,૪૭૮ | બેન્ક બેલેન્સ | ૨૩,૩૪,૨૪૧ | ૨૨,૯૭,૩૫૧ |
| | | | પુરાંત | ૮,૬૬૨ | ૧૯,૨૮૮ |
| | ૧૦,૮૪,૩૮,૪૫૯ | ૧૨,૦૨,૩૫,૬૬૪ | | ૧૦,૮૪,૩૮,૪૫૯ | ૧૨,૦૨,૩૫,૬૬૪ |

તા. ૧-૪-૨૦૦૭ થી તા. ૩૧-૩-૨૦૦૮ કુલ આવક વર્ષ દરમ્યાન :

કાયમી ફંડમાં ઉમેરો · ૧૮,૭૪,૩૯૪ ધ્રુવફંડ ખાતે

ચાલુ ફંડમાં ઉમેરો ૩,૯૪,૯૪૩ આ રકમ જે ખાતામાં હોય તે ખાતામાં વાપરવાની હોય છે.

૨૨,૬૯,૩૩૭

આવક દાન તથા ભંડાર ૮૮,૫૦,૯૮૯

૧,૧૧,૨૦,૩૨૬

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કહાન સુર્ય દિગંબર જૈન ભોજન સમિતિ, સોનગઢ.
### તા. ૩૧-૩-૨૦૦૮ નાં પુરા થતાં વર્ષનું આવક જાવક ખાતુ.

| આવક | રકમ | ખર્ચ | રકમ |
|---|---|---|---|
| ભોજન આવક | ૧૨,૨૬,૪૨૪ | દુધ, શાકભાજી, બળતણ, પૌસ્ટેજ, | |
| કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ | ૮,૮૦,૦૦૦ | ટેલિફોન, પગાર, ઈલેક્ટ્રીક બીલ, | |
| કાયમી જમણનાં ખર્ચનાં સ્વાધ્યાય મંદિર પાસેથી | ૧,૫૧,૨૮૦ | કોઠાર વપરાશ વિગેરે. | ૩૦,૨૮,૯૫૦ |
| ફોટા ફંડના વ્યાજનાં કાયમી ભોજનતિથિ તથા ધ્રુવફંડના | ૭,૮૩,૦૦૦ | વધારો સરવૈયામાં લઈ ગયા | ૪૯,૨૮૧ |
| બેન્ક વ્યાજ | ૩૦,૭૧૩ | | |
| ભંગાર વેચાણ | ૬,૮૧૪ | | |
| | ૩૦,૭૮,૨૩૧ | | ૩૦,૭૮,૨૩૧ |

### તા. ૩૧-૩-૨૦૦૮નાં રોજ પુરા થતાં વર્ષનું સરવૈયુ

| ફંડ જવાબદારી | રકમ | મિલ્કત-લેણા | રકમ |
|---|---|---|---|
| સ્વામીવાત્સલ્ય ખુશાલી ફંડ | ૩,૬૦,૧૨૧ | કોઠાર સ્ટોક | ૧,૩૯,૩૩૯ |
| ઉપજ ખર્ચ ખાતુ | | અન્ય લેણાં | ૧૯,૦૦૦ |
| ગ.વ. મુજબ ૮,૭૧,૮૩૯ | | બેન્ક ઓફ ઈન્ડિયા એફ. ડી. | ૨,૦૯,૦૨૧ |
| ચાલુસાલવધારો ૪૯,૨૮૧ | ૯,૨૧,૧૨૦ | બેન્ક ઓફ ઈન્ડિયા સેવીંગ | ૧,૪૩૩ |
| અન્ય જવાબદારી | ૧,૧૪,૫૪૯ | S.B.S સેવીંગ | ૫૧,૬૨૮ |
| રીક્ષાફંડ | ૧,૬૨,૫૦૧ | રીક્ષા | ૧,૮૮,૩૬૦ |
| | | ડેડ સ્ટોક | ૯,૪૨,૫૦૫ |
| | | પુરાંત | ૭,૦૦૫ |
| | ૧૫,૫૮,૨૯૧ | | ૧૫,૫૮,૨૯૧ |

# અષ્ટમ બાલ-સંસ્કાર અધ્યાત્મ-જ્ઞાન શિબિર સાનંદ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરી-સોનગઢમાં તા. ૨૫-૧૨-૨૦૦૮ થી તા. ૩૦-૧૨-૨૦૦૮ સુધી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા કહાન પુષ્પ પરિવાર આયોજિત "અષ્ટમ બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન" શિબિર યોજવામાં આવી.

સર્વ પ્રથમ તા. ૨૫-૧૨-૦૮ ના દિને સાંજે ૪-૦૦ વાગે શિબિર નું ઉદ્ઘાટન શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી હસમુખલાલ પોપટલાલ વોરાની અધ્યક્ષતામાં, ટ્રસ્ટના અન્ય ટ્રસ્ટીગણ, દેશ-વિદેશથી પધારેલા મુમુક્ષ મહેમાનો તથા સમગ્ર મુમુક્ષ સમાજની ઊપસ્થિતિમાં શ્રી પરમાગમ મંદિરમાં શિબિરના સૌજન્યકર્તા શ્રી નિજેશ-નિધિ તથા હેમલ હસ્તે શ્રીમતી રૂપાબેન સિદ્ધાર્થભાઈ શાહ (મુલુન્ડ-મુંબઈ) દ્વારા મંગલદીપ પ્રગટાવી કરવામાં આવ્યું.

આ શિબિરમાં લગભગ ૨૦૦ બાળકો તથા ૧૫૦ વડીલોએ લાભ પ્રાપ્ત કર્યો. શિબિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં છઢાળાની ચોથી ઢાળ પર CD પ્રવચન ચાલતાં હતાં. તદ્દુપરાંત પંચસ્તરીય શિક્ષણ વર્ગો દિવસમાં ત્રણ કલાક ચલાવવામાં આવતા હતા. આ વર્ગોમાં શ્રી સુભાષભાઈ શેઠ, શ્રી રાજુભાઈ કામદાર, શ્રી રમેશભાઈ મહેતા, શ્રી નિલય ડેઢીયા-(પાર્લા-મુંબઈ), શ્રી શ્રેયસભાઈ શાહે (નાઈરોબી-લંડન) પણ અધ્યાપન કરાવ્યું હતું. બહેનોમાં બ્ર. આશાબેન, બ્ર. કોકીલાબેન, બ્ર. સુશીલાબેન, ભારતીબેન મોદી તોરલબેને(મુંબઈ) અધ્યાપન કાર્ય કર્યું હતું

શિબિરાર્થીઓના અધ્યયન હેતુ શ્રી કુંદકુંદકહાન પરિવાર યુવક મંડળ ટ્રસ્ટ, રાજકોટ ના સૌજન્યથી એક "શિબિર અધયયન પુસ્તિકા" પણ પ્રકાશિત કરવામાં આવી હતી.

બાળકો માટે દરરોજ સુવર્ણપુરીના વિભિન્ન મંદિરોમાં અભિષેક, પૂજન, ભકિત તથા આરતીનો કાર્યક્રમ રાખવામાં આવતો હતો.

આ શિબિરનો લાભ લેવા મુંબઈના મલાડ, ઘાટકોપર, બોરીવલી, વસઈ, મુલુંડ તથા જલગાંવ, હૈદરાબાદ, શિવપુરી, રાજકોટ અને અમદાવાદથી શિબિરાર્થીઓ આવ્યા હતા. બાળકો દ્વારા ધાર્મિક અંતાક્ષરી, નાટીકાઓ, ધાર્મિક ક્વીઝ તથા 'કહાનગુરુ જીવનદર્શન' ફિલ્મના કેટલાક અંશો વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમ પાંચે દિવસ રાખવામાં આવ્યા હતા. જે બધાને ઘણા જ રૂચિકર તથા પ્રશંસનીય લાગ્યા હતા.

આ શિબિરમાં ભાગ લેવા આવેલા બાળ તથા યુવા શિબિરાર્થીઓની તા. ૩૦-૧૨-૨૦૦૮ના રોજ પરીક્ષા પણ લેવામાં આવી હતી. જેમાં બધા જ શિબિરાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. તે પરીક્ષામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમે આવેલ શિબિરાર્થીઓનાં નામ નીચે મુજબ છે.

(૧) નાનાં બાળકો ૧૦ થી ૧૪ વર્ષ (૧) શ્રેય, (બોરીવલી), (૨) નમિતા ભાયાણી (બોરીવલી), (૩) પૂજન ધોળકીયા (ઘાટકોપર)

(૨) નાનાં બાળકો (મૌખિક) (૧) તીર્થ ખારા (ઘાટકોપર), (૨) રાજવી શાહ (બોરીવલી), (૩) સર્વાંગ શાહ (બોરીવલી)

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૩)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી ૮-૩૦ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (બૃહદ્-દ્રવ્યસંગ્રહ) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૪૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

## વૈરાગ્ય સમાચાર :—

મોરબીનિવાસી શ્રી નરેન્દ્રકુમાર ઉત્તમચંદ મહેતા (વર્ષ—૭૦) તા. ૨૭-૧૨-૦૮ના રોજ રાત્રે હાર્ટએટેકથી સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢનિવાસી શ્રી વિમળાબેન સારાભાઈ શાહ (વર્ષ—૧૦૦) તા. ૨૪-૧૨-૦૮ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેમને ૫૪ વર્ષ પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રીનો સત્ સમાગમ પ્રાપ્ત થયેલો. તેઓ છેલ્લાં ૨૦ વર્ષથી સોનગઢ સ્થાયી વસવાટ કરીને લાભ લેતા હતા.

જલગાંવનિવાસી (હાલ-સોનગઢ) શ્રી લલીતાબેન વ્રજલાલ શાહ (—તે બ્ર. હર્ષાબેનના માતુશ્રી) (વર્ષ—૮૫) તા. ૪-૧-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને ૪૬ વર્ષ પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રીનો સત્ સમાગમ પ્રાપ્ત થયેલો. તેઓ છેલ્લાં ૨૫ વર્ષથી સોનગઢ સ્થાયી વસવાટ કરીને લાભ લેતા હતા.

(અનુસંધાન પેજ નં. ૨૨ થી ચાલુ)

શ્રી કહાન પુષ્પ પરિવારના કાર્યકતાઓ દ્વારા શિબિરાર્થીઓને આવવા-જવાની, રહેવાની તથા ભોજન વગેરેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. શિબિરમાં લંડન, નાઈરોબી તેમજ ભારતના વિભિન્ન પ્રાંતોમાંથી પધારેલા મહેમાનો તથા બાળકોને શિબિરના બધા જ કાર્યક્રમો ઘણા જ પસંદ આવ્યા હતા. આવી શિબિરો સુવર્ણપુરીમાં અન્ય સમયે પણ રાખવી જોઈએ એવી ભાવના બધાએ વ્યકત કરી હતી.

✻

*ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૭મો*

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમ જ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા પર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો "ભાવિ તીર્થંકરદ્રવ્યરૂપ" સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૭મીં વાર્ષિક 'સમ્યક્ત્વજયંતી' આગામી તા. ૨૧-૩-૨૦૦૯ શનિવાર (ફાગણ વદ-૧૦)ના રોજ છે. "સમ્યક્ત્વ-જયંતીનો આ મંગળ મહોત્સવ તા. ૧૭-૩-૨૦૦૯ મંગળવારથી તા. ૨૪-૩-૨૦૦૯ શનિવાર—પાંચદિવસ સુધી, શ્રી 'સમવસરણ-વિધાન પૂજા', પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમાભરપૂર આધ્યાત્મિક સી.ડી. પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણવર્ગ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ સમ્યક્ત્વ-જયંતી-મહોત્સવ તરીકે શ્રી દિગંબર જૈન સંઘ વાંકાનેર દ્વારા અતિ આનંદોલ્લાસ સાથે સોનગઢમાં ઉજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ-અવસર પર સમસ્ત મુમુક્ષુસમાજને સોનગઢ પધારવાનું અમારૂં ભાવભીનું નિમંત્રણ છે.

નિમંત્રણ પત્રિકા-લેખનવિધિ તા.૧૫-૨-૨૦૦૯ રવિવારે સોનગઢમાં રાખવામાં આવેલ છે.

*નિમંત્રક*
*શ્રી દિગંબર જૈન સંઘ,*
*વાંકાનેર*

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ મોક્ષનો માર્ગ પ્રગટ્યો તે પર્યાયને દ્રવ્યની પણ અપેક્ષા નથી અને વ્યવહારના કારકોની પણ અપેક્ષા નથી, એ તો ષટ્‌કારકના પરિણમનથી સ્વતંત્રપણે ઉત્પન્ન થઈ છે. સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા પર્યાય, સમ્યગ્દર્શનની પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું કારણ પર્યાય, પર્યાયનું સાધન પર્યાય—એવી જે સમ્યગ્દર્શનની પર્યાય છે તે પણ ત્રિકાળ પરમ સ્વભાવભાવથી ભિન્ન છે. કેમ કે જે મોક્ષમાર્ગની પર્યાય છે તે જ્યારે મોક્ષ થાય છે ત્યારે નાશ પામે છે અને એ પર્યાય તથા ત્રિકાળી દ્રવ્ય જો અભિન્ન હોય તો પર્યાયનો નાશ થતાં પારિણામિક દ્રવ્યનો પણ નાશ થાય, પણ ધ્રુવનો કદી નાશ થતો નથી. ૪૬૮.

❀ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી રાગાદિ વિભાવપર્યાય આત્માની છે. પ્રવચનસારમાં કહ્યું છે કે શુદ્ધ દ્રવ્યના નિરૂપણસ્વરૂપ નિશ્ચયનયથી પુણ્ય-પાપના ભાવ આત્માના છે. પણ એ તો જ્ઞેયની—પર્યાયની સિદ્ધિ સિદ્ધ કરી. પરંતુ જ્યારે ત્રિકાળી જ્ઞાયક પર દૃષ્ટિ પડે છે, ત્યારે તો તે રાગ, પુણ્ય-પાપના તથા દયા-દાનના ભાવ પરજ્ઞેય તરીકે જ્ઞાનમાં જણાય છે—એવો જ જ્ઞાનનો સહજ સ્વભાવ છે. સ્વનું જ્ઞાન થયું, ત્યાં એ જ્ઞાનની પર્યાયમાં સ્વપર-પ્રકાશક સામર્થ્ય હોવાથી સ્વને જાણતાં રાગ વચ્ચે આવ્યો તેને પરજ્ઞેય તરીકે જાણે. જાણનાર પ્રભુ બીજું શું કરે? તે તો ઉદયને તેમ જ બંધને તથા નિર્જરા તેમ જ મોક્ષને જાણે—તેનો જ્ઞાતા રહે. એ વાત સમયસારની ૩૨૦મી ગાથામાં કહી છે. ૪૬૯.

❀ મુનિને પણ પંચમહાવ્રત આદિનો ભાવ આવે છે, દૃષ્ટિમાં તે હેય છે પણ અસ્થિરતાના કારણે શુભરાગ આવ્યા વિના રહેતો નથી. છતાં તેઓ તેને આદરણીય માનતા નથી. હેયદૃષ્ટિ પૂર્વક વ્યવહારનો વિકલ્પ આવે છે પણ તે જગપંથ છે, મોક્ષપંથ નથી તેમ સાધક જાણે છે. મુનિને પણ શુભભાવ આવે છે પણ જેટલો શુભભાવ છે તેટલો જગપંથ છે, શિવપંથથી તેટલા દૂર છે. છતાં અસ્થિરતાના કારણે આવ્યા વિના રહેતો નથી. તેથી આચાર્યદેવ કહે છે કે પ્રભુ ! તારા શુદ્ધાત્માને છોડી બહારમાં દેવ-ગુરુ-તીર્થ તરફ ન જા, ન જા. તેના લક્ષે શુભરાગ થશે એમ કહીને વ્યવહારથી ધર્મ થશે તેનો નિષેધ કર્યો છે. ૪૭૦.

આત્મધર્મ
જાન્યુઆરી-૨૦૦૯
અંક-૫ * વર્ષ-૩

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

# * તું સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપ! *

આચાર્યદેવ કહે છે કે અમે અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ હો! અમે અનંતા સિદ્ધોનું પસ્તાનું પર્યાયમાં મૂક્યું છે તો અમે પણ ભવિષ્યમાં અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ. અનંતા અનંતા સિદ્ધોને નિર્વિકલ્પ દશા દ્વારા મારી અલ્પજ્ઞ પર્યાયમાં ને રાગમાં સ્થાપું છું. જ્ઞાનમાં તો જાણીને સ્થાપું છું ને રાગમાં વિકલ્પમાં બહુમાન લાવીને સ્થાપું છું કેમ કે વિકલ્પ કાંઈ જાણતું નથી. એ રીતે ભાવ ને દ્રવ્યસ્તુતિથી પોતાનામાં અનંત સિદ્ધોને સ્થાપે છે અને શ્રોતાની પર્યાયમાં પણ સ્થાપે છે. હજુ તો શ્રોતા તરીકે સાંભળવા આવ્યો છે, ભલે અજ્ઞાની છે છતાં કહે છે કે તું શ્રોતા તરીકે સાંભળવા આવ્યો છો તો તારી પર્યાયની પણ અમને એટલી લાયકાત લાગે છે કે તારી પર્યાયમાં અમે અનંતા સિદ્ધોને સ્થાપીએ છીએ અને તારા વિકલ્પ દ્વારા પણ અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ કેમ કે સ્વ અને પરમાં ભાવ અને દ્રવ્ય બન્નેથી સ્થાપે છે ને! —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org